આકાશવાણી, અમદાવાદ

10-06-2025 Midday: 2.30 to 2.35 pm

Tuesday Regional News

## BJP PRESS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો 11 વર્ષનો કાર્યકાળ 140 કરોડ દેશવાસી માટે વિકાસનો દાયકો બન્યો છે. NDAની કેન્દ્ર સરકારે 11 વર્ષ પૂર્ણ કરવા સંદર્ભે ગાંધીનગર કમલમ ખાતે યોજાયેલી ભાજપની પત્રકાર પરિષદમાં શ્રી પટેલે જણાવ્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાત સૌથી વધુ રોજગારી આપતુ રાજ્ય બન્યુ છે.

દરમિયાન ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે કહ્યું, પ્રધાનમંત્રીની સરકારે જનતાને અપેક્ષા કરતા વધુ, ગુણવતા સાથે તેમજ સમયસર આપવુ તે મંત્ર સાથે કામ કર્યુ છે. તેમણે ઉમેર્યુ કે કેન્દ્ર સરકાર 25 કરોડ લોકોને ગરીબી રેખાથી બહાર લાવવા સફળ થઇ છે. શ્રી પાટીલે જણાવ્યું ઓપરેશન સિંદુર થકી ભારતે વિશ્વને સંદેશ આપ્યો છે કે ભારત ફકત વિકસિત નથી થયું પરંતુ ભારત સ્વતંત્ર રીતે પોતાનો બચાવ કરવા પોતાના જ દેશમાં નિર્માણ થયેલા શસ્ત્રો સાથે દુશ્મનોને જવાબ આપી શકે છે.

આ પત્રકાર પરિષદ થકી 11 વર્ષના કાર્યકાળના હિસાબની માહિતી આપવામાં આવી હતી. ત્યાર બાદ સંકલ્પથી સિદ્ધી અંતર્ગત 11 વર્ષના કાર્યકાળની ઝાંખી દર્શાવતી પ્રદર્શનીનું ઉદ્‌ઘાટન કરાયું હતું.

. . . . . . . . . . .

## GRAM PANCHAYAT ELECTION

રાજ્યમાં આગામી 22 જૂને યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેના ઉમેદવારીપત્રોની આજે ચકાસણી થઇ રહી છે.

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના ગોલા ગામડી ગ્રામ પંચાયત સમરસ થઈ છે. અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે સભ્યો અને સરપંચ ઉમેદવાર સામે હરીફ ઉમેદવારોએ ઉમેદવારી ન નોંધાવતા આ ગ્રામ પંચાયત સમરસ બની છે. બીજી તરફ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાની ફતેપુરા, રૂપનગર, માનપુર, છાપરિયા સહિતની ગ્રામ પંચાયત સમરસ જાહેર થઈ છે.

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાની 14, જ્યારે વિજાપુર તાલુકાની 15 ગ્રામ પંચાયતો સમરસ બની છે. જેમાં વિસનગરમાં બાસના ગ્રામ પંચાયત સંપૂર્ણ મહિલા શાસિત બની છે. મહેસાણા જિલ્લામાં 406 ગ્રામ પંચાયતોમાં 347 સામાન્ય અને 59 પેટાચૂંટણીમાં કુલ 4 હજાર 818 ઉમેદવારી પત્રો ભરાયા છે, જેમાં સરપંચ માટે એક હજાર 293 અને સભ્ય માટે 3 હજાર 525 ઉમેદવારી પત્રો રજૂ કરાયા હતા.

અરવલ્લી જિલ્લાની કુલ 151 ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ માટે કુલ 683, જ્યારે સભ્ય માટે કુલ બે હજાર 25 ઉમેદવારી પત્રો ભરાયા છે.

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં સરપંચ માટે 171 અને વોર્ડ સભ્યના 618, કાલોલ તાલુકામાં સરપંચ માટે 101 અને વોર્ડ સભ્યના 458, ઘોઘંબા તાલુકામાં સરપંચના 138 અને વોર્ડ સભ્ય 626, જાંબુઘોડા તાલુકામાં સરપંચના 18 અને વોર્ડ સભ્ય 38 ઉમેદવારી પત્રો રજૂ થયા હતા.

**બનાસકાંઠા જિલ્લામાં કુલ 614 ગ્રામ પંચાયત પૈકી 385 ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન કે મધ્ય સત્રની ચૂંટણીઓ તથા 229 ગ્રામ પંચાયતમાં પેટા ચૂંટણી યોજાશે. ઉલ્લેખનીય છે આવતી કાલે ઉમેદવારી પત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ છે.**

. . . . . . . . . . .

## VAT SAVITRI

રાજ્યભરમાં આજે જેઠ સુદ પૂનમ એટલે કે, વટ સાવિત્રીના વ્રતની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે પાટણમાં પ્રાચીન અંબાજી માતા મંદિર સંકુલમાં આવેલા ખંડોબા મહાદેવ મંદિર પાસેના પીપળાના ઝાડ ખાતે મહિલાઓએ પૂજા-અર્ચના કરી. દરમિયાન તેમણે પતિ અને સંતાનોના લાંબા આયુષ્ય અને પરિવારના કલ્યાણ માટેની ભાવના સાથે પીપળાના વૃક્ષ ફરતે સૂતરના દોરા બાંધી પ્રદક્ષિણા પણ કરી.

સુરેન્દ્રનગર જિલ્લામાં લખતર મોતીસર તળાવની પાળ પર આવેલા દોઢ સો વર્ષ જૂના વડલાની છત્રછાયામાં મહિલાઓએ પૂજા-અર્ચના કરી. તેમણે વડના વૃક્ષને સુતરની દોરી બાંધી જળ-અર્પણ કર્યું.

. . . . . . . . . . .

## DWARKA TEMPLE TIME

દેવભૂમિદ્વારકા જિલ્લાના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિરમાં આવતીકાલે પૂનમ નિમિત્તે જળયાત્રા ઉત્સવને લઈ મંદિરમાં શ્રીજીના દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. સત્તાવાર યાદી મુજબ, સવારે છ વાગ્યે મંગળા આરતી, સવારે છ-થી આઠ વાગ્યા સુધી મંગળા દર્શન, સવારે આઠ-થી નવ વાગ્યા સુધી શ્રીજીને ખૂલ્લા પડદે સ્નાન કરાવાશે. ત્યારબાદ બપોરે એક-થી પાંચ વાગ્યા સુધી દર્શન બંધ રહેશે. ને સાંજે પાંચ વાગ્યે ઉત્થાપન દર્શન થઈ શકશે. ઉપરાંત સાંજે પાંચ-થી સાડા નવ વાગ્યા સુધી જળયાત્રા ઉત્સવ ઉજવાશે અને રાત્રે સાડા નવ વાગ્યે દર્શન બંધ થશે.

. . . . . . . . . . .